સંક્ષિપ્ત સમાચાર

કેવડિયામાં કાર-બાઈક અથડાતાં યુવક ઘાયલ

સુરત: કેવડિયા કોલોની ખાતે જી.એસ.સી. બેંક નજીક ૧૧ નવેમ્બરે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ કાર અને મોટરસાઇકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ભુમલીયા ગામના મંદિર ફળિયામાં રહેતા ૨૩ વર્ષીય આનંદભાઈ પ્રવીણભાઈ તડવી પોતાની હોન્ડા સાઈન બાઈક નં.(જીજે 22 એસ 0508) લઈ પસાર થઈ રહ્યા હતા, ત્યારે રોડના કટમાંથી પૂરઝડપે આવેલી કાર નં.(MH 47 CP 2340)ના ચાલકે ટક્કર મારતાં તેઓ પટકાયા હતા. અકસ્માતમાં જમણા હાથની કોણીમાં ફ્રેક્ચર સહિત શરીરે ઈજાઓ થતાં તેમને સારવાર માટે એકતાનગર, રાજપીપળા અને વડોદરાની હોસ્પિટલોમાં ખસેડાયા હતા. સમાધાનની વાટાઘાટો નિષ્ફળ જતાં ૨૧ નવેમ્બરે એકતાનગર ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે, અને એ.એસ.આઈ. પ્રકાશકુમાર વસાવા વધુ તપાસ કરી રહ્યા છે.

એનામાં ઊભેલી ગાડી પાછળ વાહન અથડાતાં ચાલકનું મોત

પલસાણા: એના ગામની સીમમાં નેશનલ એક્સપ્રેસ હાઇવે નંબર-૪ પર ૨૦ નવેમ્બરે રાત્રિના ૧:૩૦ વાગ્યા પહેલાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સિગ્નલ કે લાઇટ વિના ઊભેલી ટાટા ગાડી નં.(MH-06-AC-4327) પાછળ ટાટા ૧૫૧૨ વાહન નં.(DD-01-H-9059) ધડાકાભેર અથડાતાં ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ફરાર ચાલક વિરુદ્ધ મૃતકના ભાઈ અમરીશકુમાર તિવારીએ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે BNS તથા MV એક્ટ હેઠળ ગુનો નોંધી પી.એસ.આઈ. એ.કે. રાઉલજીએ વધુ તપાસ હાથ ધરી છે.

ઓલપાડમાં વીજકંપનીની 3 કચેરીનાં નવાં મકાનનું ભૂમિપૂજન


જયેરા પટેલ

સાયણ: દ.ગુ.વીજ કંપની દ્વારા વીજ ગ્રાહકોને વધુ ઝડપી, પારદર્શક અને અત્યાધુનિક સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ સાથે ઓલપાડના માસમા ગામેથી નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઇ દેસાઇના હસ્તે અંદાજિત રૂ.૯.૭૯ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરી, ઓલપાડ પેટા વિભાગીય કચેરી અને રાંદેર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના ગ્રીન બિલ્ડિંગનું ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મુકેશ પટેલ, સુરત મેયર માયાબેન માવાણી, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ ભરત રાઠોડ, કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલ, ડીજીવીસીએલના એમ.ડી.કે.જે.રાઠોડ સહિતના અધિકારીની ટીમ સહિત તા.પં.પ્રમુખ પીયૂષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રાવણીયા ગામમાં 12મા ગ્રામીણ ઓલિમ્પિક ખેલ મહોત્સવનો પ્રારંભ



સોનગઢ: આજની આધુનિક પેઢી ભુલાઈ રહેલી પરંપરાગત રમતોને ભૂલી ન જાય અને ગ્રામીણ વિસ્તારની રમત પ્રતિભાઓને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી સોનગઢના શ્રાવણીયા ગામ ખાતે 12મા ગ્રામીણ ઓલિમ્પિક ખેલ મહોત્સવનો ભવ્ય પ્રારંભ કરાયો હતો. રમતગમત મંત્રી ડો.જયરામભાઈ ગામીત અને રાજ્યસભાના સાંસદ મુકેશ રાઠવાના હસ્તે ખેલ મહોત્સવને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ અનોખા રમત મહોત્સવમાં કબડ્ડી, ખો-ખો, તીરંદાજી, લખોટી, આમલી-પીપળી સહિત 15થી વધુ પરંપરાગત અને ગ્રામીણ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભરૂચમાં બહેનોને સિલાઈ મશીનનું વિતરણ



ભરૂચ: ભરૂચ ખાતે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સકાતા INX ઇન્ડિયા પ્રા. લિ., પાનોલીના CSR સહયોગમાં આસિસ્ટન્ટ ડ્રેસમેકર તાલીમ પૂર્ણ કરનાર બહેનોને સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, કાર્યક્રમમાં સકાતા INX કંપનીના ડેપ્યુટી જી.એમ. (એચઆર) હિતેશ ગાંધી, જી.એમ. (ફાઇનાન્સ) કૌશિક જોષી તથા ડેપ્યુટી જી.એમ. (ઓપરેશન) અવિનાશ કુમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ઉમરપાડાના નશાપુર ગામે ખેતરમાંથી પરિણીતાનો મૃતદેહ મળ્યો

વાંકલ: ઉમરપાડાના નશાપુરની સીમમાં ૩૧ વર્ષીય પરિણીતાનો મૃતદેહ મળી આવ્યો હતો. ભગત ફળિયામાં રહેતાં કાશ્મીરાબેન નિરંજનભાઈ વસાવા ૧૯ નવેમ્બરે સવારે ભાત કાપવા જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ લાપતા થયા હતા. શોધખોળ બાદ ૨૦ નવેમ્બરે બપોરે બળવંતભાઈ વસાવાના ખેતરમાંથી તેમનો મૃતદેહ મળ્યો હતો. ઉમરપાડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોરાટીયા ગામે જુગાર રમાડતા એક ઝડપાયો

નેત્રંગ: નેત્રંગના ગોરાટીયા ગામે ઘર આગળ આંકફરકનો જુગાર રમાડતા ગુલાબ નાનુ વસાવા (ઉ.વ.૩૭)ને પોલીસે ઝડપી લીધો હતો. રૂ.૩૬૦નો મુદ્દામાલ મળતાં નેત્રંગ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પલસાણાના જોળવામાં મોબાઈલ હેક કરી રૂ.૯૮,૦૦૦ની છેતરપિંડી

પલસાણા: પલસાણાના જોળવા ગામમાં રહેતા એક પ્રિન્ટિંગ વ્યવસાયીનો મોબાઈલ હેક કરીને અજાણ્યા સાયબર ગઠિયાએ તેમના બેંક ખાતામાંથી રૂ. ૯૮,૦૦૦ ઉપાડી લીધા હતા. મૂળ રાજસ્થાનના વતની અને હાલ જોળવાની આરાધના ડ્રીમ વિભાગ-૧માં રહેતા ૪૪ વર્ષીય સુરેશ મોતીદાસ વૈષ્ણવ પ્રિન્ટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત ૧૨ નવેમ્બરે બપોરે આશરે ૧ વાગ્યે તેઓ પોતાના ઘરે મોબાઈલમાં ફોટા જોઈ રહ્યા હતા, ત્યારે અચાનક બેટરી લો થઈ હોય તેમ ફોનની સ્ક્રીન લોક થઈ ગઈ હતી. બાદ તેમણે ફોન ફરી ચાલુ કરી અનલોક કર્યો હતો. દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ હેક કરી લીધો હતો અને બપોરે ૧:૧૭ વાગ્યે તેમની જાણ બહાર સુરત રિંગ રોડ સ્થિત IDBI બેંકના ખાતામાંથી ગૂગલ પે મારફતે રૂ.૯૮,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. રાત્રે ૧૦ વાગ્યે જ્યારે સુરેશભાઈએ પોતાના ખાતાનું બેલેન્સ તપાસ્યું ત્યારે તેમાં માત્ર રૂ.૩૮,૦૦૦ જ બતાવતા તેમને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક ગૂગલ પે કસ્ટમર સપોર્ટનો સંપર્ક કરીને સેવા બંધ કરાવી હતી અને બીજા દિવસે સવારે બેંકમાં તપાસ કરતાં આ રકમ 'JAMELA BELGAUM' નામની અજાણી યુપીઆઈ આઈડીમાં ટ્રાન્સફર થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે તેમણે સૌપ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર-૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસમાં ગુનાહિત કાવતરું હોવાનું જણાઈ આવતાં ૨૦ નવેમ્બરે પલસાણા પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધવામાં આવી છે, જેની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર ગવાન દેવદાન જીલેરિયા ચલાવી રહ્યા છે.

રૂપિયા 20 હજારની સોપારી આપી ભાઈએ જ ભાઈનો કાંટો કાઢ્યો હતો!

કુકરમુંડાના સદગવાણમાં અજાણ્યા યુવકની હત્યાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો, બે આરોપી ઝડપાયા

મૃતકની ઓળખ નંદુરબારના ઘડગાંવના ઉકડીયાભાઈ વસાવે તરીકે થઈ



કુકરમુંડા: કુકરમુંડાના સદગવાણમાં અંકલેશ્વર-બુરહાનપુર નેશનલ હાઈવે નજીક પાહુબા મહારાજ મંદિર સામે પડતર જમીનમાંથી તા.17 નવેમ્બરે અજાણ્યા પુરુષની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવવાના બનાવનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી લીધો છે. આ હત્યાના ગુનામાં મૃતકના સગા નાના ભાઈ સહિત બે આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.17/11/2026ના રોજ સદગવાણની સીમમાં ઉકાઈ ડાબા કાંઠાની પડતર જમીન પરથી આશરે 35થી 40 વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. મૃતકની જમણી આંખ અને મોઢાના ભાગે ગંભીર ઈજા હતી. ઓળખ છુપાવવા માટે મોંનો ભાગ પણ છૂંદી નાંખવામાં આવ્યો હતો. આ મામલે કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. બાદ LCB અને કુકરમુંડા પીઆઈ સહિતની ટીમોએ તપાસ હાથ ધરી હતી. મૃતકના પહેરવેશના આધારે તપાસ કરતાં મૃતકની ઓળખ ઉકડીયાભાઈ ભિક્યાભાઈ વસાવે (ઉ.વ.43) (રહે.,કાકડદા, જૂની કરીપાડા, તા.ઘડગાંવ, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર) તરીકે થઈ હતી. મૃતકના સગા-સંબંધીઓની પૂછપરછ દરમિયાન તેના નાના ભાઈ માનસીંગ ઉર્ફે માનસી ભિક્યાભાઈ વસાવે ઉપર શંકા જતાં પોલીસે તેની પૂછપરછ કરી હતી.

પોલીસ તપાસમાં ખૂલ્યા મુજબ મૃતક દ્વારા માનસીંગની પત્ની ભાંગડીબેનને છેલ્લા છ મહિનાથી હેરાન-પરેશાન કરવામાં આવતી હોવાના મનદુ:ખને કારણે બંને વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. જેની અદાવત રાખી માનસીંગે પોતાના સાળા જયરામ વિજયભાઈ નાઈક (રહે.,કુવરખેત, તા.ઘડગાંવ, જિ.નંદુરબાર)ને પોતાના મોટા ભાઈની હત્યા કરવા રૂ.20,000ની સોપારી આપી કાવતરું રચ્યું હતું. તા.16 નવેમ્બરે સાંજે જયરામ નાઈક મૃતકને તેની પત્ની તુલજા ગામમાં કપાસ તોડવાની મજૂરી કરવા ગઈ હોવાનું કહી મળવા જવાના બહાને નંબર વગરની યુનિકોર્ન મોટરસાઇકલ પર લઈ ગયો હતો. સદગવાણ ગામની સીમમાં પેશાબ કરવાના બહાને મોટરસાઇકલ રોકી મૃતકને પડતર જગ્યામાં લઈ જઈ સાડીના લેસના ટુકડા વડે ગળું દબાવી હત્યા કરી હતી. બાદ ઓળખ છુપાવવા બ્લોકના ટુકડા વડે મોંના ભાગે ઈજા પહોંચાડી ફરાર થયો હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. આ ગુનામાં પોલીસે માનસીંગ ઉર્ફે માનસી ભિક્યાભાઈ વસાવે અને જયરામ વિજયભાઈ નાઈકની ધરપકડ કરી છે.

પોલીસે તેમની પાસેથી રૂ.80,000ની કિંમતની એક યુનિકોર્ન મોટરસાઇકલ અને રૂ.6000ના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.86,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. આમ, LCB અને કુકરમુંડા પોલીસની સંયુક્ત કામગીરીથી હત્યાનો ભેદ ઉકેલાયો છે.



સોનગઢ-ઉકાઈમાં ઓવરલોડ ડમ્પરોથી રસ્તાના ખસ્તા હાલ

આરટીઓ અને ટ્રાફિક વિભાગની મૂકપ્રેક્ષક ભૂમિકા સામે સવાલો ઊઠ્યા

સોનગઢ: સોનગઢ અને ઉકાઈ પંથકમાં નિયમોને નેવે મૂકીને દોડતાં ઓવરલોડ ડમ્પરોના કારણે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા માર્ગોની હાલત બિસમાર બની છે. સ્થાનિક નાગરિકોમાં ચર્ચા છે કે આ સમગ્ર મામલે જવાબદાર આરટીઓ અધિકારીઓ અને ટ્રાફિક વિભાગની મૂકપ્રેક્ષક ભૂમિકા સામે હવે સીધી આંગળી ચિંધાઈ રહી છે.

સોનગઢ-ઉકાઈ મુખ્ય માર્ગ, નગરપાલિકા વિસ્તાર અને આસપાસના ગ્રામીણ રસ્તાઓ પર દિવસ-રાત માટી, રેતી અને ફ્લાય એશ અને કસરોમાંથી ભારે ભરેલા ભારેખમ વાહનો બેરોકટોક દોડી રહ્યાં છે. વજન મર્યાદાના ખુલ્લેઆમ ભંગના કારણે રસ્તાઓ પર મસમોટા ખાડા પડી ગયા છે, જેનાથી નાના વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું કાયમી જોખમ ઊભું થયું છે.

આરટીઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા કોઈ નક્કર દંડાત્મક કાર્યવાહી ન થતી હોવાથી વાહનચાલકોને છૂટો દોર મળ્યો હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે.

ઉકાઈ વિસ્તારમાંથી નીકળતી ફ્લાય એશ (રાખ) નું પરિવહન યોગ્ય રીતે ઢાંક્યા વિના અને પાણીના છંટકાવ વગર કરવામાં આવતા હવામાં રાખની રજકણો ઊડી રહી છે. તેના કારણે રાહદારીઓમાં અકસ્માતનો ઝોન બની રહ્યું છે.

ખરચની બિરલા સેલ્યુલોસિકે સ્થાપકને અનોખી શ્રદ્ધાંજલિ આપી

વોકેથોન, ગૌસેવા અને રક્તદાન થકી સેવા, સ્વાસ્થ્ય અને કરુણાનો ત્રિવેણી સંગમ



જીબાબીમ ગોનુ

હથોડા: ખરચની બિરલા સેલ્યુલોસિક દ્વારા દૂરંદેશી સ્થાપક સ્વ.આદિત્ય વિક્રમ બિરલાજીની 83મી જન્મજયંતી નિમિત્તે આરોગ્ય, કરુણા અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપતા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં કર્મચારીઓ, તેમના પરિવારજનો તેમજ બિરલાધામ સમુદાયના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઉજવણીનો પ્રારંભ વોકેથોન (પદયાત્રા) દ્વારા કરવામાં આવ્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ શારીરિક તંદુરસ્તી, સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ વોકેથોનને યુનિટ હેડ વિજયેન્દ્ર બાબુએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ વોકેથોનમાં 100થી વધુ કર્મચારીઓ અને સ્થાનિક સમુદાયના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સ્વાસ્થ્ય, એકતા તથા સક્રિય જીવનશૈલીનો સંદેશ ફેલાવ્યો હતો. ગ્રાસિમ જનસેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગ્રાસિમ ગોકુલ ગૌશાળા ખાતે ગૌસેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા પશુ કલ્યાણનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવા અને સ્વૈચ્છિક રક્તદાનને પ્રોત્સાહન આપવા જન કલ્યાણ હોસ્પિટલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદઘાટન યુનિટ હેડ વિજયેન્દ્ર બાબુના હસ્તે કરવામાં આવ્યું હતું. કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ કુલ 100 યુનિટ રક્તદાન કરી માનવજીવન બચાવવાના ઉમદા કાર્યમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આ તમામ કાર્યક્રમોની સફળતાપૂર્વકની ઉજવણી CSR ટીમ, આયોજન સમિતિઓ, તબીબી નિષ્ણાતો, કર્મચારીઓ, તેમના પરિવારજનો અને બિરલાધામ સમુદાયના સભ્યોના સંયુક્ત પ્રયાસોથી શક્ય બની હતી. આ વિવિધ સેવાકીય પહેલો દ્વારા બિરલા સેલ્યુલોસિકે સ્વ. આદિત્ય વિક્રમ બિરલાજીને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

કડોદ ગામની 'નોન-પોલ્યુશન' GIDC બની ઝેરી ગેસની ચેમ્બર

પાંચ ગામના 1000થી વધુ ગ્રામજનો રસ્તા પર ઊતર્યા



રતન પટેલ

કડોદ: બારડોલીના કડોદ ગામે 'નોન-પોલ્યુશન' ઝોનના નામે નિર્માણ પામેલી GIDCમાં સ્થપાયેલા ઔદ્યોગિક એકમો હવે આસપાસનાં ગામડાં માટે મોતનો સામાન બની રહ્યા છે. નિયમોને નેવે મૂકીને રાત-દિવસ ઝેરી ગેસ અને દૂષિત પાણી ઓકતા એકમો સામે ગુરુવારે ગ્રામજનોનો રોષ જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો હતો. કડોદ સહિત આસપાસના પાંચથી વધુ ગામોના 1000થી વધુ લોકોએ એકત્ર થઈ કડોદ પોલીસ ચોકીએ ઉગ્ર રજૂઆત સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું અને જો તાત્કાલિક પ્રદૂષણ બંધ નહીં થાય તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી છે.

કડોદ GIDCના કારણે થઈ રહેલા ભયાનક પ્રદૂષણથી ત્રાહિમામ પોકારી ઊઠેલા કડોદ, હરિપુરા, મસાડ, વઢવાણી અને નસુરા સહિતનાં ગામોના રહીશો ગુરુવારે મોટી સંખ્યામાં રસ્તા પર ઊતરી આવ્યા હતા. અગાઉ પણ કડોદના આગેવાનોએ હલ્લાબોલ કર્યો હોવા છતાં તંત્રના બહેરા કાને વાત ન અથડાતાં આખરે હજારથી વધુ લોકોએ એકજૂટ થઈ કડોદ પોલીસ ચોકીમાં આવેદનપત્ર સુપરત કરી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે GIDCના એકમો દ્વારા ખાસ કરીને રાત્રિના સમયે હવામાં ઝેરી ગેસ છોડવામાં આવે છે, જેના કારણે આસપાસના રહીશોને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી રહી છે. ઉપરાંત ચીમનીઓમાંથી ઊડતી રજકણો અને દૂષિત પાણીને કારણે ખેતરોમાં ઊભો પાક બળી રહ્યો છે, જેનાથી ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. નોન-પોલ્યુશન GIDCમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને સ્થાનિક વહીવટી તંત્રને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી જવાબદાર એકમો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જો આગામી દિવસોમાં જો કોઈ ઠોસ પગલાં ભરવામાં નહીં આવે તો આર યા પારની લડાઈ લડવાની ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે.

માયપુર ગામે બંધ ઘરમાં ચોરી

વ્યારા: વ્યારાના માયપુર ગામે બંધ ઘરમાંથી 1.74 લાખના સોનાના દાગીના ચોરાતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ગત તા.17-11-2026થી તા.19-11-2026 દરમિયાન ફરિયાદી એનિમેશભાઈ માધુભાઈ ચૌધરી (ઉ.વ.43) (ધંધો-ખેતી) (રહે.,માયપુર ગામ દાદરી ફળિયું, તા.વ્યારા)ના ઘરમાંથી કબાટનું તાળું તોડી અજાણ્યા ઈસમે ચોરીને અંજામ આપ્યો હતો. આ બનાવમાં સોનાનું મંગળસૂત્ર નંગ 1 કિં.રૂ.51,000, સોનાનું પેન્ડલ કિં.રૂ.17,000, સોનાની બુટ્ટી કિં. રૂ.12,000, સોનાની ચેઈન નંગ-2 કિં.રૂ.51,000, સોનાનું બ્રેસલેટ કિં.રૂ. આશરે 7000, સોનાની વીંટી નંગ-6 કિં.રૂ.25,000, 4 જોડી ચાંદીની પાયલ કિં.રૂ.8000, ચાંદીનો કંદોરો રૂ.2500 મળી 1,74,000નાં ઘરેણાં ચોરી કરી થતાં વ્યારા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તરસાડીમાં યુવાનનો મૃતદેહ મળી આવ્યો

હથોડા: તરસાડીના સરદારનગરમાં રહેતા અને મૂળ માંગરોળના લીંબાડાના 37 વર્ષીય સરફરાજ યુવરાજસિંહ દિલીપસિંહ ખેર પોતાના ઘરના સોફા પર આડા પડેલી હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ન તો ઘર બદલાયું, ન તો પરિવાર, આખો વોર્ડ જ બદલાઈ ગયો!

પેલાડ બુહારીમાં પ્રાથમિક મતદાર યાદીમાં વોર્ડ ફેરબદલ મુદ્દે વાંધા અરજી રજૂ



વાલોડ: વાલોડના પેલાડ બુહારીમાં અત્યારે મતદાર યાદી કરતાં 'વોર્ડ શોધો અભિયાન' વધુ ચર્ચામાં આવ્યું છે. વાત એમ છે કે અહીંના મોરા ફળિયામાં રહેતા જૈનિકકુમાર નવીનભાઈ પટેલને પોતાનું ઘર તો બરાબર યાદ છે (ઘર નં.૨૫૯), પણ મતદાર યાદીમાં તેમનો વોર્ડ ક્યાંક આઘોપાછો થઈ ગયો છે. આથી પંચાયતની પ્રાથમિક મતદાર યાદીમાં વોર્ડ બદલાઈ ગયાની ફરિયાદ સાથે સ્થાનિક અરજદાર દ્વારા વાલોડ મામલતદાર કચેરી ખાતે વાંધા અરજી રજૂ કરવામાં આવી છે.

અરજીની વિગતો મુજબ પેલાડ બુહારીના મોરા ફળિયા ખાતે રહેતા જૈનિકકુમાર નવીનભાઈ પટેલે તા.૨૦/૧૧/૨૦૨૬ના રોજ વાલોડના મામલતદારને લેખિત રજૂઆત કરી છે. અરજદારના જણાવ્યા અનુસાર તા.૧૭/૧૧/૨૦૨૬ના રોજ ગ્રામ પંચાયત કચેરી ખાતે પ્રસિદ્ધ થયેલી પ્રાથમિક મતદાર યાદીમાં તેમનું નામ વોર્ડ નં.૨માં દર્શાવવામાં આવ્યું છે, જ્યારે હકીકતમાં તેમનો વોર્ડ નં.૬ આવે છે. અરજદાર અને તેમના પરિવારના સભ્યોના ચૂંટણી કાર્ડમાં ઘર નં.૨૫૯ દર્શાવેલ છે. અરજદારનું માનવું છે કે, મતદાર સુધારા કાર્યક્રમ દરમિયાન બી.એલ.ઓ. દ્વારા ફોર્મ ભરતી વખતે થયેલી ટેક્નિકલ ભૂલ કે ક્ષતિના કારણે વોર્ડમાં ફેરફાર થયો હોઈ શકે છે. અગાઉ મતદાર સુધારા કાર્યક્રમ દરમિયાન બી.એલ.ઓ. પાસે જરૂરી સુધારા અરજી અને દસ્તાવેજો આપ્યા હોવા છતાં પ્રાથમિક યાદીમાં વોર્ડ નં.૨ આવતાં તેમણે સુધારા માટે રજૂઆત કરી છે. આ વાંધા અરજી સાથે પ્રાથમિક પ્રસિદ્ધ વોર્ડની યાદી, અરજદાર જૈનિકકુમાર પટેલ (EPIC નં. RPU1663913) તથા તેમના પિતા નવીનભાઈ પટેલ (EPIC નં. RPU2244200)ના ચૂંટણી કાર્ડની નકલ બિડાણ તરીકે જોડી, મૂળ વોર્ડમાં નામ સમાવિષ્ટ કરવા તંત્ર સમક્ષ માંગ કરવામાં આવી છે.

પીપોદરા જીઆઈડીસીમાં છાતીમાં દુખાવા બાદ વૃદ્ધનું મોત

હથોડા: પીપોદરા જીઆઈડીસી ખાતે શ્રમજીવી વૃદ્ધનું છાતીમાં દુખાવા બાદ મોત થયું હતું.ઘટનાની વિગત એવી છે કે, પાલોદ પોલીસની હદમાં પીપોદરા જીઆઈડીસી ખાતે આવેલી રિસોય ટેક્સટાઈલ કંપનીમાં કામ કરતા બટુકભાઈ હરજીભાઈ પટેલ (ઉં.વ.62)ને અચાનક છાતીમાં દુખાવો થતાં તેને તાત્કાલિક વાલક ખાતે આવેલી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યો હતો. આ ઘટના બાબતે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

IDFC FIRST Bank

સીઆઈએન : L65110TN2014PLC097792 રજિસ્ટર્ડ ઓફિસ: - કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ- 600031. ફોન : +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે જણાવેલ કરજદારો અને સહ-કરજદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે દર્શાવેલ સુરક્ષિત લોન લીધેલી છે. નીચે દર્શાવેલ કરજદારો અને સહ-કરજદારોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત બન્યા હોવાથી આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ચૂકવવાની થતી બાકી રકમ જાહી કરાયેલ સંબંધિત નોટિસો મુજબ નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર દર્શાવવામાં આવી છે અને ઉક્ત રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ પડશે અને તે તેમની સંબંધિત તારીખોથી કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	કરજદારો અને સહ-કરજદારોના નામ	કલમ 13 (2) નોટિસની તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	27742642	હોમ લોન	1. રામચંદ્ર જેના 2. મામિની જેના	14-ઓક્ટો-2026	રૂ. 6,22,240.65/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ નં. 106ની જગ્યા જેનું ક્ષેત્રફળ 46.66 ચો. વાર (કેજેપી દુરસ્તી મુજબ બ્લોક નં. 159/106/a પછી ક્ષેત્રફળ 39.05 ચો. મીટર), તેની સાથે રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ જમીનનો હિસ્સો અને સામાન્ય વપરાશના હક્કો જેનું ક્ષેત્રફળ 20.56 ચો. મીટર, "આરાધના ડ્રીમ વિભાગ-1", જે મોજે: જોળવા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: પલસાણા, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-394305 ખાતે આવેલ બ્લોક નં. 159 અને 162, એકત્રીકરણ પછી નવો બ્લોક નં. 159 વાળી જમીન પર વિકસાવવામાં આવેલ છે અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વ: લાગુ સોસાયટીની હદ, પશ્ચિમ : લાગુ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર: લાગુ પ્લોટ નં. 105, દક્ષિણ: લાગુ પ્લોટ નં. 107.		
2	40328868	હોમ લોન	1. વિપુલભાઈ કંચનભાઈ ચુનાર 2. સંગીતા